# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

થોડીક સાંજ બચાવી રાખજે,
બની શકે તો સજાવી રાખજે !

ધોમધખતા તડકેથી આવું છું
છાંયડાઓને સમજાવી રાખજે !

વાદળ ઓઢીને બેસજે અગાસીએ
પાંપણોને જરા ઝુકાવી રાખજે !

ખોબો ભરીને લાવ્યો છું ટહુકા
બે ચાર મોરલાં બોલાવી રાખજે !

થયાં છે બહુ જૂના સ્વપ્નો બધાં
થોડા છબીમાં મઢાવી રાખજે !

- ઉદય ચંદ્રકાંત

## પાથેય

- રમેશ ઠક્કર

### છબીમાં મઢાવી રાખવા જેવાં સપનાં..

શૈશવનું સરવૈયું પણ અજબગજબ હોય છે.એ એક એવું પરોઢ છે જે ક્યારેય વિલય પામતું નથી..સ્મૃતિઓને વાગોળવાની મજા પડતી હોય છે..આયખું જેમ જેમ આગળ વધતું જાય એમ માણસનું મન પાછળની યાદોમાં ખેંચાતું રહે છે..આ ખેંચાણ એ જ જીવનનો અનેરો આનંદ બની જાય છે..

બાલ્યાવસ્થાનો ઝૂરાપો ઘણીવાર જીવનભરનો તરાપો બની જાય છે.જીવન એ વહેતી સરિતા છે તો યાદો એ સહારો છે..શૈશવની સભરતા વ્યકિતને આજીવન ધબકતો રાખે છે.એની નિર્દોષતા એ વિસ્મય કે એ મજા પછીના આયખા માટે ફક્ત સંભારણું બની જતું હોય છે..પ્રેમચંદ જેવા લેખકને મન બચપણમાં ચોરી છુપાઇને ખાધેલા બરફના ટુકડાની મજા મોટી વયે કોઇ ભવ્ય હોટલનો આઇસક્રીમ ખાવામાં પણ નથી આવતી !

સ્મૃતિપટની સ્લેટ ઉપર નાનપણની ઘટનાઓનો એકડો આપોઆપ ઘૂંટાઇ જતો હોય છે.નાના હતા ત્યારે શાળાની દિવાલો અતિ ઉંચી લાગતી હતી.સહપાઠીની સંગત જ જગતની શ્રેષ્ઠ મૈત્રી લાગતી હતી.જરાસરખા ચણામમરાની એક મુઠ્ઠી કે આકર્ષક ગોળી બિસ્કિટના કલર છવાઇ જતા હતા..મેલાઘેલા મિત્રોની મહેંક અનેરી હોય છે..

માણસને મેળવ્યાના આનંદ કરતાં જે છૂટી જાય છે એનો વસવસો કોરી ખાતો હોય છે.અતૃપ્તિ એ જ જાણે કે માનવમનની નિયતિ છે.એ મૂક્યું વન એ મૂક્યાં જન ઘણા વરસે મળ્યાં એ તન એમ કહેતા કવિ કે બાળપણની આખી સ્મરણકથાને સાંગોપાંગ શણગાતરતા કોઇ લેખક જાણે આપણ સહુના મનની વાતોનો જ ચિતાર રજુ કરે છે.

વરસો પછીના ઉંમરના પડાવમાં આ બધો વૈભવ રોજ યાદ આવતો રહે છે.માણસ એના મનોજગતનો ઉઘાડ ઝંખે છે.વિતેલી વાતોનો વિસામો શોધે છે.આ તલાશ એને કાયમી અધૂરી લાગતી રહે છે.એ રીતે જોઇએ તો લાગે છે કે મોટા થવામાં કોઇ મજા નથી.મોટા થવું એટલે જાણે નિર્દોષતાની નાસભાગ !

કેટકેટલી ઝંખનાઓની યાદો ગડ બનીને વળી જાય છે! બાળપણની કોઇ મનમૂર્તિને નીરખી ચૂકેલી આંખો જાણે કે અભિશપ્ત બનીને રહી જાય છે.લોકગાયકો કહે છે એમ 'નહી રે ભૂલાઈ કોઇ દિ..એ બાળાપણાની પ્રીત !'આ ઝંખના જ કેવો સધિયારો બની જાય છે જીવવાનો.વિખૂટા પડેલા કોઇ વટેમાર્ગુની જેમ આપણું મન પણ વિલસતું રહે છે વિતેલા પદચિન્હોની વાટ ઉપર..લાખ ઉપાય કરો પણ શૈશવના સરવૈયાને સરભર કરે એવો કોઇ ઇલમ માણસને હજુ હાથ લાગ્યો નથી !

# ગરબાનો રંગ રાજકારણને પણ લાગ્યો

**તંત્રીસ્થાનેથી...**

નવરાત્રી મહોત્સવ એટલે ગુજરાત આખું ઝાકમઝોળ હોય એ વાત મોદીથી લઈ કેજરીવાલ સુધીના મહત્વાકાંક્ષી રાજનેતાઓ બરાબર સમજે છે. ચૂંટણી પૂર્વે ગુજરાતને ધમરોળી રહેલા આ રાજપુરુષોને ગુજરાત કદાચ ઉત્તરપ્રદેશ જેટલું જ અગત્યનું રાજય લાગી રહ્યું છે. ઉત્તરપ્રદેશ બહુ મોટું રાજય છે અને સંસદમાં એની એંસી બેઠકો છે. ગુજરાત ફક્ત છવ્વીસ લોકસભાની બેઠકો ધરાવતું હોવા છતાં આજે દેશ અને દુનિયામાં ભારતનું સૌથી મહત્ત્વનું રાજય બની ગયું છે. મહાત્મા ગાંધી અને સરદાર પટેલ પછી મોરારજી દેસાઈ રાષ્ટ્રીય નેતા તરીકે ઊપસ્યા હતા અને નરેન્દ્ર મોદીએ તો બધા જ વિક્રમો પોતાના નામે કરી દઈ ગુજરાતને વિશ્વના સૌથી પાણીદાર પ્રદેશ તરીકે આગવી ઓળખ અપાવી છે ગુજરાતની નવરાત્રી હવે દુનિયાભરમાં સૌથી લાંબા ચાલતા નૃત્યોત્સવ તરીકે જાણીતી બની છે. પતંગોત્સવનો પણ મહિમા ઓછો નથી. પરંતુ નવરાત્રી એટલે નવરાત્રી. શક્તિપૂજા તો ગુજરાત કરતાં બંગાળમાં વધુ મહિમા ધરાવે છે. દુર્ગાપૂજા એ બંગાળનો મોટો રાજયોત્સવ બની રહે છે પરંતુ ત્યાં ફક્ત પૂજા છે, ગુજરાત જેવો દાંડિયારાસ કે ગરબા નથી. આવા ઉલ્લાસપૂર્ણ માહોલનો લાભ લેવા નેતાઓ દોડી ના આવે તો રાજકારણી શાના ? વળી ચૂંટણી હાથવેંતમાં છે અને મોદી-શાહ માટે તો નાકનો સવાલ છે. પ્રદેશ પ્રમખ સી.આર. પાટીલે દોઢસો બેઠકો જીતી લાવવાનું માઈક્રોપ્લાનિંગ કરી દીધું છે. અઢી દાયકાથી વનવાસ ભોગવતી કોંગ્રેસ માટે ભાજપ શાસનનું એન્ટિ-ઈન્કમ્બન્સી ફેકટર હાથવગું હતું, પણ એ પોતાનું ઘર જ સરખું નથી કરી શકી એટલે સાવ નવી સવી આમ આદમી પાર્ટી ધીમે રહીને પાછલે બારણે કોંગ્રેસની બેઠકો પર ગોઠવાતી જતી હોય એવો માહોલ સરજાયો છે. કોંગ્રેસી નેતાઓ આમ આદમી પાર્ટીને ભાજપની બી-ટીમ કહે છે એમાં વજૂદ હોઈ પણ શકે ! એક પછી એક કોંગ્રેસી આગેવાનો પાર્ટી સાથે છેડો ફાડી રહ્યા છે. અહમદ પટેલના અવસાન પછી ગુજરાત કોંગ્રેસનું કોઈ ધણી ધોરી જ નથી. રાહુલ ગાંધીને પણ ગુજરાતમાં રસ નથી, નહીંતર ચૂંટણી ટાણે જ એમની 'ભારત જોડો' યાત્રા ગુજરાતમાં થઈને પસાર થઈ શકી હોત. એમણે ગુજરાતને ટાળવામાં જ ડહાપણ જોયું છે. અત્યારે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટેની ચૂંટણી ચાલી રહી છે એમાં પણ ગુજરાત કયાંય દષ્ટિગોચર નથી થતું સિવાય કે મધુસૂદન મિસ્ત્રી ચૂંટણી અધિકારી તરીકે ફરજ બજાવી રહ્યા છે. કોંગ્રેસ પ્રમુખ તરીકે કહલોત અને દિગ્વિજયસિંહ પછી એકાએક મલ્લિકાર્જુન ખડગેનું નામ ઊપસી આવ્યું. આ બધી કમાલ ગાંધી પરિવારના પ્રભાવની છે. ભલે દેશ આખામાંથી કોંગ્રેસનું નામોનિશાન મટી જાય પણ પાર્ટીની કમાન તો ગાંધી પરિવાર હસ્તક જ રહેશે. ખડગે દલિત સમાજમાંથી આવતા ગાંધી પરિવારના વફાદાર નેતા છે. દક્ષિણ ભારતનું પ્રતિનિધિત્વ કરતા હોવા છતાં ઉત્તર ભારતના નેતાઓ જેવું હિંદી બોલે છે અને પરંપરા મુજબ ધોતી ઝભ્ભો પહેરે છે. શશી થરૂરની કેમિસ્ટ્રી રાહુલ - રાજીવ સાથે વધારે મળતી લાગે પણ એ સ્વતંત્ર વિચારના નેતા છે એટલે ગાંધી પરિવારની કદમબોસી ન જ કરે. આથી ખડગેના સમર્થન માટે કોંગ્રેસના તમામ મહત્વના નેતાઓ ઊમટી પડ્યા. જેમને અધ્યક્ષ બનવાના બહુ અભરખા હતા એવા અશોક ગહલોત અને દિગ્વિજયસિંહને એમના નામની દરખાસ્ત મૂકવાનો હાઈકમાંડનો હુકમ માથે ચડાવવો પડ્યો. રાજસ્થાનમાં નેતૃત્વની સમસ્યા ઊકલી નથી એટલે ગહલોત કે રઘુ શર્માને ગુજરાતની ચૂંટણીનો 'ચાર્જ' સંભાળવામાં કેટલો ઉત્સાહ રહેશે તે સમજી શકાય એમ છે. ધાર્યું હોય તો કોંગ્રેસ ગુજરાતમાં આ વખતે ભાજપને ભારે પડે એવા સંજોગો હતા. પરંતુ કોંગ્રેસનું કિસ્મત જ વાંકુ લાગે છે. સોનિયા ગાંધીના વળતા પાણી થઈ ચૂક્યાં છે. મનમોહનસિંહ વ્હીલચેર પર છે. નવાં નેતા પ્રિયંકા ગાંધી ઉત્તરપ્રદેશમાં ઓલે-ઝોલે હતાં છતાં બે બેઠકો માંડ લાવી શક્યાં હતા. અહીં પાવાગઢનાં મહાકાળીનાં દર્શન કરીને ગરબે ઘૂમવાનાં હતાં, એ કાર્યક્રમ પણ અધ્ધર થઈ ગયો લાગે છે. ચહેરા તરીકે ઊપડે એવા શંકરસિંહ વાઘેલાને કોંગ્રેસ હાઈકમાંડે ભાવ જ ન આવ્યો. હવે એની પાસે નથી કોઈ રાષ્ટ્રીય નેતા કે નથી વજૂદ ધરાવતાં પ્રાદેશિક આગેવાનો. પ્રખર કોંગ્રેસી આગેવાનોએ કેસરિયો પહેરી લીધો છે. સામે પક્ષે તદ્દન નવી અને સંગઠન વગરની પાર્ટીના નેતા ત્રિપુટી ગુજરાતમાં પડી પાથરી રહે છે. કેજરીવાલ ખોડલધામની નવરાત્રી પણ જોઈ આવ્યા છે અને પંજાબના મુખ્યમંત્રી એ રાજકોટના નીલ સીટીમાં ભંગડા નૃત્ય કરી લોકોનું મનોરંજન કર્યું છે. કોંગ્રેસ કયાં છે?

# જનરલ ડેવલોપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશનના કાયદામાં સુધારા-૨૦૨૨

## (નાના ફ્લેટનાં યુનિટમાં વધારો મંજુર કરવામાં આવશે નહી)



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

ગુજરાત સરકારે તાજેતરમાં જી.ડી.સી.આર. નાં નિયમોમાં ફેરફાર કરતુ નોટિફિકેશન બહાર પાડી નિયમોમાં ફેરબદલ કરેલ છે. જે મુજબ ચાર્જેબલ એફ.એસ.આઈ.માં સુધારો કરવામાં આવ્યો છે. નવી જંત્રી મુજબ જંત્રીના ૪૦% દરની ચૂકવણીથી ખુલ્લી જમીનમાં એફ.એસ.આઈ.માં સુધારો કરવામાં આવ્યો છે. નવી જંત્રી મુજબ જંત્રીનાં ૪૦% દરની ચૂકવણીથી ખુલ્લી જમીનમાં એફ.એસ.આઈ.માં છૂટછાટ આપવામાં આવી છે.

નવા નિયમો મુજબ ટ્રાન્સપોર્ટ અને કોમ્યુનિકેશન ઝોનમાં એફ.એસ.આઈ. ૧ ના બદલે ૧.૫૦ કરવામાં આવી છે. બિલ્ડીંગનાં માર્જીનમાં ફેરફાર તથા રોડ સાઈડમાં વધારો કરવામાં આવ્યો છે. જેનાથી ઈલેક્ટ્રીક રૂમ, બોર રૂમ, પાર્કીંગની સુવિધામાં વધારો થશે. રીડેવલોપમેન્ટમાં ૯ મીટર કરતા વધારે નાના ફ્લેટને મંજુરી આપવામાં આવશે નહિ. તેમજ રીડેવલોપમેન્ટમાં જેટલી યુનિટ હોય તેટલા જ નવા યુનિટ બનાવી શકાશે. વધારાની એફ.એસ.આઈ. તેમાં ઉપયોગ કરી શકશે નહિ. આનાથી રીડેવલોપમેન્ટ પ્રોજેક્ટને તથા નાના ફ્લેટને રીડેવલોપમેન્ટમાં લઈ જવામાં ફટકો પડશે. જેનાથી મોટા બિલ્ડરોની પડતર ઈન્વેન્ટરી વેચાણમાં વધારો થશે.

જુના નિયમો મુજબ રીડેવલોપમેન્ટમાં શાળા કે હોસ્પિટલને મંજુરી અપાતી નહોતી, પરંતુ હવે ૨૫ વર્ષ જુની શાળા અને હોસ્પિટલમાં હયાત પ્લોટ જેટલી જ બાંધકામની રીડેવલોપમેન્ટમાં મંજુરી આપવામાં આવશે, તેમજ આવા પ્લોટમાં આગળનાં ભાગે કોમર્શિયલ દુકાનો બાંધવાની છૂટ અપાશે, જેનાથી શાળા સંચાલકોને વધારાની આવક ઉભી થશે.

હોસ્પિટલનાં કિસ્સામાં પેથોલોજી લેબ દવાની દુકાનો, મેડિકલ ઈન્સ્ટ્રુમેન્ટ વેચવા માટે બહારની જગ્યાને કોમર્શિયલ ધોરણે ઉપયોગ થઈ શકશે. શાળાની બહાર પણ ગણવેશ, સ્ટેશનરી વેચવાની દુકાનોને પરવાનગી આપવામાં આવશે.

અત્યાર સુધી બિલ્ડીંગમાં પાર્કિંગ, લિફ્ટ અને સીડીના બાંધકામને બાદ આપવામાં આવતું હતું, પરંતુ હવેથી ફાયર એન્ડ કોમ્યુનિકેશન રૂમ ૩૦ ચો.મી. થી વધુ હોય તો તેને પણ મંજુરી આપવામાં આવશે. અગાઉ રીડેવલોપમેન્ટમાં શાળા કે હોસ્પિટલને મંજૂરી આપવામાં આવતી ન હતી, નવા નિયમોનાં કારણે શાળા અને હોસ્પિટલનાં સંચાલકોને ઘણો ફાયદો થશે તથા ટ્રસ્ટની વધારાની દુકાનોની આવક ઉભી થશે.

શહેરી વિકાસનાં નવા નિયમોને પગલે અગાઉ આર-૧ અને આર-૨ ઝોનમાં ૩૦ માળથી વધુની બિલ્ડીંગની મંજૂરી મળતી હતી, જે હવે ગામતળનાં પ્લોટમાં પણ આપવામાં આવશે. તેમ જ પાર્કિંગ માટે બેઝમેન્ટ, રસ્તાથી ૬ મીટરમાં પરંતુ બિલ્ડીંગથી ૧૨ મીટર દૂર હશે તો પણ હવેથી મંજૂરી મળી શકશે.

ગુજરાત સરકારે નવા જી.ડી.સી.આર.નાં અમલીકરણ માટે એક કમિટિની રચના કરવાનું નક્કી કરેલ છે, જેમાં મહાનગર પાલિકાનાં મ્યુનિસિપલ કમિશ્નરની અધ્યક્ષ સ્થાનમાં આવી કમિટીની રચના કરવામાં આવશે. આ કમિટીમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર, સીટી એન્જીનિયર, ચીફ ફાયર ઓફીસરનો પણ સમાવેશ કરવામાં આવશે. જે શહેર વિકાસનાં સચિવની સૂચના મુજબ કાર્યરત થશે. ઔડા, સૂડા, વૂડા, રૂડા અને ગૂડામાં સંબંધિત અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટિનાં ચેરમેનના વડપણ હેઠળ આ કમિટિની રચના કરી નિર્ણયો લેવામાં આવશે.

નવા જી.ડી.સી.આર.ની જોગવાઈમાં શાળા તથા હોસ્પિટલોનાં રિડેવલોપમેન્ટમાં વધારો થશે તથા ટ્રસ્ટ એક્ટ મુજબ ચાલતી આવી સખાવતી સંસ્થાઓની આવકમાં વધારો થશે તેથી તેના નિભાવ માટે સરળતા રહેશે. ટ્રસ્ટીઓ એ આવી પરવાનગી ટ્રસ્ટ એક્ટ હેઠળ પણ મેળવવાની રહેશે.

ગુજરાત સરકારે જાહેર કરેલ નવા જી.ડી.સી.આર.ની જોગવાઈનાં પગલે ૨૫ વર્ષ જુના બિલ્ડીંગ, શાળા, હોસ્પિટલ રિડેવલોપમેન્ટ કરી શકશે, પરંતુ નાના ફ્લેટમાં જેટલા યુનિટ હોય તેટલા જ યુનિટ બાંધકામ રીડેવલોપમેન્ટમાં મળશે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
- info@trivediassociates.in

# પ્રામાણિકતા રાખવી એ કોઈના ઉપર ઉપકાર નથી, પણ પોતાના હિતની એક શ્રેષ્ઠ વિચારધારા છે



**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

જરૂરી નથી બધે તલવારો લઈને ફરવું,
ધારદાર ઈરાદાઓ જ વિજેતા બનાવે છે જીવનમાં!

સત્યનો જ જાય છે અને સત્ય જ મનુષ્યનો પરમ ધર્મ છે. આવી વાતો આપણે સૌ ધર્મસૂત્ર તરીકે સ્વીકારીએ

છીએ. પણ વ્યવહારમાં આપણે એમાં બાંધછોડ કરીને છૂટછાટ લઈ જ લેતા હોઈએ છીએ. વાણિયો કહેશે વેપારમાં તો જૂઠું બોલવું જ પડે, ત્યાં માત્ર સત્યથી કામ ન ચાલે! તો વળી રાજકારણી કહેશે અમારા ક્ષેત્રમાં તો સાચાનું જૂઠું કરવાની કળા એ જ સફળતાની ચાવી છે! બ્રાહ્મણ કહેશે ધર્મમાર્ગે લોકોને ભ્રમમાં રાખવા એ જ ધર્મની સેવા છે, અને મજૂરવર્ગ કે નાના-નાના ગલ્લાઓ પર બેસનાર એક સાવ સામાન્ય માણસ પોતાના કામને સંપૂર્ણપણે નિષ્ઠાપૂર્વક અને ખંતથી કરે ત્યારે તેની નોંધ લેવી જ રહીં! ફેક્ર હોલપીન લિખીત આવી જ એક ઘટનાની નોંધ તે સમયે ''ન્યુયોર્ક ટાઈમ્સ' જેવા પ્રતિષ્ઠિત અખબારે લીધી જેનો અનુવાદિત લેખ આ મુજબ છે:

ફેરિયાને ગાળો બદલ ન્યાયાધીશને દંડઃ ત્રણ લીટી જેટલા મોટા અક્ષરોના એવા મથાળા હેઠળ ''ન્યુયોર્ક ટાઈમ્સ' દૈનિકને પહેલે પાને, રાષ્ટ્રીય ને આંતરરાષ્ટ્રીય મહત્ત્વના બીજા સમાચારોની હરોળમાં, એ બનાવના ખબર છપાયા હતા. તેમાં વાત હતી ન્યૂયોર્કના પરાવિસ્તારની એક અદાલતના ન્યાયાધીશની અને થોમસ નામનાં ફેરિયાની. ૩૭ વર્ષના થોમસભાઈ અદાલતની નજીક પોતાની ગાડી ઊભી રાખીને કૉફી ને સેન્ડવીચ વેચવાનો ધંધો કરતા.

એક દિવસ ન્યાયાધીશ પોતાની કોર્ટમાં બિરાજેલા હતા. વાહનવ્યવહારના કાયદાના ભંગના ખટલા ચાલતા હતા. તેમાં ન્યાયાધીશે થોમસની ગાડીએથી કૉફી લઈ આવવા એક હવાલદારને મોકલેલો. કૉફીનો ઘૂંટડો ભરતાંની સાથે જ એના સ્વાદ બાબતનો બુલંદ પ્રત્યાઘાત અદાલતમાં સંભળાયો.

હવે એમણે હવાલદારની સાથે બે પોલીસને પણ થોમસની ગાડી પર મોકલ્યા. જઈને એમણે સંભળાવ્યું :

જજ સાહેબ બોલાવે છે - કૉફી તો કાળા કોપની છે!''

મશ્કરી કરો છો કે શું, હવાલદાર !'' થોમસ બોલી ઊઠ્યો. પણ પેલાઓ બિલકુલ હસવાના મિજાજમાં નહોતા. ફેરિયોન હાથકડી પહેરાવીને કોર્ટ-ચોગાનમાંથી કૂચકદમ કરાવતા જજની ચેમ્બરમાં હાજર કરવામાં આવ્યો.

થોમસની કૅફિયત મુજબ, ''એને જોતાં જ જજ સાહેબ બરાડી ઊઠ્યાઃ ''કૉફીમાં પાણી જ ધબેડ્યું છે ને!''

૧૯૭૫ના એપ્રિલની એ એક સાંજ હતી. તે પછી લાગલગાટ બાર મહિના સુધી કોર્ટના કર્મચારીઓએ થોમસની ગાડીનો બહિષ્કાર કર્યો, ને અંતે તેને એ ધંધો બંધ કરવો પડ્યો. પોતાનું અપમાન કરવા બદલ અને આર્થિક નુકશાની બદલ તેણે ન્યાયાધીશ પર દાવો માંડ્યો. પરિણામે ન્યાયાધીશોની વર્તણૂક અંગેના રાજયના પંચ સમક્ષ પ્રથમ તો જજ સાહેબને તેડાવવામાં આવ્યા. ત્યાં ખોટી જુબાની આપવા બદલ પાછળથી હાઈકોર્ટે એ જજને વરસે ચાર લાખ રૂપિયાના પગારવાળા હોદ્દા પરથી બરતરફ કર્યા. નોકરીમાંથી ફારેગ થઈને એમણે પછી વકીલાત કરવા માંડી.

દરમિયાન ફેરિયાએ માંડેલો પેલો ખટલો ચાલ્યો. તેના ચુકાદાને આગલે દિવસે ભૂતપૂર્વ જજ સાહેબ અને

તેમની વીમા કંપનીએ ફેરિયાને બે લાખ ડૉલર ચૂકવીને સમાધાન કરવાની તૈયારી બતાવી. પણ હવે સરકારના બેકારીભથ્થાં પર ગુજારો કરતા થોમસે ના પાડી - સમાધાન નહીં, મારે ન્યાય ખપે.

બીજે દિવસે જુરીએ ચુકાદો આપ્યો કે થોમસના નાગરિક અધિકારોનો ભંગ થયો હતો, તેથી જજ અને હવાલદારે મળીને તેને નુકશાનીના ૮૦,૦૦૦ ડૉલર ચૂકવવાના, ઉપરાંત જજે એકલાએ બીજા ૬૦,૦૦૦ અને પોલીસે ૧,૦૦૦ ડૉલર નુકશાનીરૂપે આપવાના.

ટાઈમ્સ' છાપાના પ્રતિનિધિ થોમસે જણાવ્યું કે પ્રતિવાદી તરફથી સમાધાનરુપે આ નુકશાનીના કરતાં પણ મોટી રકમ મળવાની હતી, તેનો અસ્વીકાર કરવા બદલ પોતાને અફસોસ નહોતો. સત્તાધારીને હાથે જેને અપમાન વેઠવું પડ્યું હોય તેવો સામાન્ય નાગરિક ખંતભેર મથામણ કરે તો અંતે ઈન્સાફ મેળવી શકે છે, તે એને સાબિત કરવું હતું.

આ મુલાકાતના અહેવાલની સાથે ન્યૂયોર્ક ટાઈમ્સમાં પ્રગટ થયેલી છબીમાં થોમસભાઈ પોતાને ઘેર બેઠાં બેઠાં જુરીની ચુકાદાની ખુશાલી માણતા દેખાતા હતા -બેશક, કૉફીના કપથી સ્તો!

**Last Seen :**

પ્રામાણિકતા રાખવી એ કોઈના ઉપર ઉપકાર નથી. પણ પોતાના હિતની એક શ્રેષ્ઠ વિચારધારા છે.

-nehalgadhavi101@gmail.com

# દરરોજ ૧૦૦૦ ના રૂપિયાની કીંમતનાં પુસ્તકો ભેટ આપવાની પરબ એટલે હસમુખભાઈ મહેતા



**પહેલું કિરણ**
**રમેશ તન્ના**

દાનવીર શેઠ શ્રી દિપચંદ ગાર્ડી વિશે કહેવાતું હતું કે તેઓ દરરોજ લાખો રૂપિયાનું દાન આપતા. વિશ્વમાં અનેક દાનવીરો એવા હોય છે કે જેઓ દરરોજ દાન આપતા હોય છે. અમદાવાદમાં હસમુખભાઈ મહેતા નામના એક અનોખા સાહિત્ય પ્રેમી છે કે જે આ શોખ પોતાના પૂરતો મર્યાદિત ન રાખતા તેનો વ્યાપ વધારવા દરરોજ રૂ. ૧૦૦૦ની કિંમતના સુંદર પુસ્તકોની જ્ઞાનગંગા ભેટ સ્વરૂપે લોકોમાં વહાવતા રહે છે.

ગુજરાતમાં પુસ્તક પ્રેમીઓ અને તેના પ્રસારકોની કોઈ ખોટ નથી. આપણને અનેક એવા નામો મળી રહે જેમણે આ કાર્યમાં ઉમદા યોગદાન આપ્યું હોય, પરંતુ આ બધામાં હસમુખભાઈ મહેતા જરા જુદી માટીના અને જુદી પાટીના સાવ અલગ માણસ છે. તેઓ જાતે પુસ્તકો વાંચે અને પછી શબરીની જેમ જે તેમની યોગ્યતાના માપદંડમાં ખરા ઉતરે અને પુસ્તકો પાછા ન આપવાની શરત સાથે અન્યોને ભેટ સ્વરૂપ આપે.....



મિત્રો, સ્વજનો કે જુદી-જુદી સંસ્થાઓના સભ્યોને પુસ્તકો ભેટ આપવાની તેમની આ ઝુંબેશ જાણવા જેવી છે. થોડા સમય પહેલાં તેમણે એક લક્ષ્ય બનાવ્યું કે કોઈ એવી કાયમી વ્યવસ્થા થકી રોજના રૂ. ૧૦૦૦ની વેચાણ કિંમતનાં પુસ્તકો ભેટ સ્વરૂપ સાહિત્ય રસિકો સુધી પહોંચાડવાં. પોતાના આ સ્વપ્નને તેમણે સાકાર પણ કર્યું છે. ગુજરાતના અગ્રણી પ્રકાશકો આર. આર. શેઠની કંપની અને ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયની વાચકોને ભેટ આપવાની યોજનામાં તેમણે લાખો રૂપિયા રોક્યા. (ચોક્કસ આંકડો લખવાની તેઓ ના કહે છે) હવે સુખદ સ્થિતિ એવી છે કે તેઓ દરરોજ કોઈ એક વ્યક્તિને કે વધારે વ્યક્તિને રૂ. ૧,૦૦૦ ની વેચાણ કિંમતનાં પુસ્તકો ભેટ આપી શકે છે. તેઓ પોતે જીવશે ત્યાં સુધી તો દરરોજ રૂપિયા રૂ. ૧૦૦૦નાં પુસ્તકો ભેટ આપશે જ, પણ આ યોજના એવી છે કે તેમના મૃત્યુ પછી પણ દરરોજ રૂ. ૧૦૦૦નાં પુસ્તકો ભેટ આપી શકાશે. પ્રકાશકોએ એવી સુંદર યોજના બનાવી છે કે તમે અમુક રકમ આપો એટલે નિયત સમયે ચોક્કસ રૂપિયાનાં પુસ્તકો કાયમ માટે ભેટ આપી શકાય.

શ્રી હસમુખભાઈ આજકાલથી પુસ્તકો ભેટ આપે છે એવું નથી, તેઓ વર્ષોથી અવિરતપણે કરી આ કાર્ય રહેલ છે. તેઓ માને છે કે પુસ્તકોમાં મોટી શક્તિ હોય છે. સમાજને સ્વસ્થ બનાવવામાં તથા જીવનને ઉત્તમ રીતે જીવવામાં પુસ્તકો ઘણી મદદ કરી શકે છે.

હસમુખભાઈ મૂળે અલગારી પ્રકૃતિના માણસ. જીવન ટકાવવા માટે આર્થિક ઉપાર્જન કરવું પડે એટલે ધંધો કર્યો. તેઓ ઉત્તમ વાચક. અવનવાં અને નવાંનવાં પુસ્તકો વાંચતા જાય અને જીવન માટેના પોતાના દ્રષ્ટિકોણને સતત માંજતા જાય. જે સાહિત્ય નીવડેલું છે તે હસમુખભાઈએ વાંચેલું જ હોય. તેમનું એવું માનવું કે પૈસા પાછળની દોટને બદલે પુસ્તક સાથેનું સાનિધ્ય જીવનમાં વધારે ઉપયોગી પૂરવાર થાય છે.

હસમુખભાઈનો સમાજ એટલે વાગડ બે ચોવીસી સ્થાનકવાસી શ્રીમાળી જૈન સમાજ.

હસમુખભાઈએ ફમ્ઝ ગ્રુપના સહયોગથી આ સમાજના ઉપક્રમે એવી સુંદર સ્પર્ધાઓ રાખી કે જેની કોઈએ કલ્પના પણ ન કરી શકે! જેમ કે અમદાવાદમાં ગાંધી આશ્રમની સામે કમલખુશ હાથ બનાવટના કાગળનું કારખાનું છે. આવા કાગળના દળદાર ચોપડાઓ તેમણે બનાવડાવ્યા. સમાજના સભ્યો માટે લેખન સ્પર્ધા રાખી. તેમણે પોતે અવનવા વિષયો આપ્યા. સ્પર્ધામાં ભાગ લેનારા લોકોને પણ કહ્યું કે તમને મન થાય એ વિષય પર લખો. અનોખા પ્રકારની આ સ્પર્ધા હતી. સને ૨૦૧૪માં યોજાયેલી ડાયરીલેખન સ્પર્ધામાં ૫૧ સ્પર્ધકોએ ભાગ લીધો અને સને ૨૦૧૭માં યોજાયેલી ડાયરી લેખન - ૨ સ્પર્ધામાં ૬૧ સ્પર્ધકોએ ખૂબ ઉત્સાહ સાથે આ સ્પર્ધામાં ભાગ લીધો. ૬૦ દિવસની સમયમર્યાદામાં આ સ્પર્ધકોએ ઘેરબેઠાં તેમણે નક્કી કરેલ એક વિષય પર ખૂબ લાંબુ લખાણ લખ્યું. અત્યંત સુંદર વિષયો ઉપર લોકોએ રસપ્રદ અને ગુણવત્તા સાથેના ઉત્તમ લખાણો લખ્યાં.

આ સ્પર્ધાની ફળશ્રુતિ રૂપે ત્રણ પુસ્તકો પણ ફમ્ઝ ગ્રુપના સથવારે પ્રગટ થયાં . અમદાવાદમાં રહેતાં જીનાબહેન વિરેનભાઈ શેઠે ગુજરાતી કથા ગીતો લખ્યાં. જીવનની હૂંફ આપતાં ગીતોનો રસથાળ તેમણે પીરસ્યો. અમેરિકાના પુસ્તકાલયમાં પણ તેમના આ પુસ્તકને માનભેર સ્થાન પ્રાપ્ત થયું. ફમ્ઝ સમાજનાં પ્રથમ કવયિત્રી યોગીતાબેન મહેતાનો કાવ્યસંગ્રહ 'હું મને ગમું ' પણ કવિતા રસિકોના દિલમાં સ્થાન પામ્યો છે અને ડૉ. બોસ્કી મોરબિયાનું પુસ્તક ' મંદબુદ્ધિનો સદબુદ્ધિથી સ્વીકાર ' એક સત્કાર્ય જેટલું સુંદર કાર્ય કરી રહેલ છે. ડૉ. માર્ગી દોશીની કવિતા અને ગઝલો અત્યારે ઘણાં કવિ સંમેલનની શોભા વધારી રહેલ છે. આ બધાં જ કાર્ય માટે હસમુખભાઈની પ્રેરણા અને ફમ્ઝ ગ્રુપના આપેલ પ્લેટફોર્મને સૌ આદર સાથે યાદ કરે છે. એક ગૃહિણીને સફળ લેખિકા કે કવયિત્રી બનાવવાનો કસબ હસમુખભાઈમાં છે.

તેમના સમાજના અનેક લોકોને તેમણે લખતા - વાંચતા - વિચારતા અને ઉત્તમ રીતે જીવતા કર્યા છે.

હસમુખભાઈના આ સાહિત્ય સભર યજ્ઞમાં તેમનાં પત્ની મીનાબહેન, દીકરા પ્રતીકભાઈ અને પુત્રવધૂ રાજવીબહેનનો પૂરો સહયોગ છે. તેમના આ કાર્યમાં નીતિનભાઈ પારેખ, હિરેનભાઈ ખંડોર અને ચિંતનભાઈ ખંડોરને તે યાદ કરવાનું ભૂલતા નથી.

એક કામ કરી ને કઈ હસમુખભાઈ અટકે નહીં. હસમુખભાઈ જીવનને જુદી રીતે અને એમ કહો કે સાચી રીતે જોઈ શકે છે. તેમણે એક અનોખું પ્રશ્ન શતક બનાવ્યું. પ્રશ્ન શતકમાં તેમણે ૧૦૦ સવાલો પૂછ્યા. કલ્પના પણ ન કરી શકાય તેવા સવાલો. ૨૦૨૧માં થયેલી આ સ્પર્ધામાં ૧૧૪ વ્યક્તિઓએ ભાગ લીધો. સ્પર્ધકોને છ મહિનાનો સમય આપવામાં આવ્યો. આખા સમાજમાં લોકો મળે ત્યારે બીજી કોઈ વાત કરવાની બદલે પ્રશ્ન શતકની જ વાતો ચાલતી હોય એવું વાતાવરણ સર્જાયું. હસમુખભાઈએ સવાલો એવા અવનવા કાઢેલા કે દરેકને રસ પડે.

ચોથી એપ્રિલ, ૨૦૨૨ના રોજ ભૂજના એક રિસોર્ટમાં નવ કલાકનો કાર્યક્રમ થયો, જે મિત્રો પ્રશ્ન શતકમાં ઈનામી બન્યા હતા તેમનું સન્માન કરાયું. આ સ્પર્ધામાં ૧૭ થી ૭૫ વર્ષની વય સુધીની વ્યક્તિઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાને સમગ્ર સમાજ તરફથી જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો. ડૉક્ટરો. સી.એ., એન્જિનિયરો, વહીવટી અધિકારીઓ, ઉચ્ચ-પદાધિકારીઓ, ગૃહિણીઓ, વિદ્યાર્થીઓ એમ દરેકે તેમાં ભાગ લીધો.

હસમુખભાઈએ અત્યાર સુધી ત્રણ-ચાર સ્પર્ધાઓ રાખી છે, જે બિનપરંપરાગત છે. કોઈને વિચાર પણ ન આવે તેવી છે. હસમુખભાઈ જમીન અને જીવન સાથે જોડાયેલા હોવાથી તેમને આવું જ સૂઝે છે અને લોકોને તેમાં ખૂબ રસ પડે છે.

હસમુખભાઈ જીવનને જાણનારા અને માણનારા માણસ છે. તેઓ દ્રઢપણે માને છે કે વધારે પડતા પૈસા કમાઈને માણસે હાથે કરીને દુઃખ ન વહોરવું જોઈએ. જરૂરી હોય તેટલા પૈસા કમાવા જોઈએ અને જીવનને માણવું જોઈએ. આપણી પાસે વધારે હોય તો તે જરૂરિયાત મંદને આપવું જોઈએ.

હસમુખભાઈ પુસ્તક પ્રસારની કે સમાજને ઉપયોગી એવી બીજી પ્રવૃત્તિઓ કરે છે એ સેવા-ભાવનાથી કરે છે એવું નથી. આવું કરીને પોતે સમાજ પર કોઈ ઉપકાર કરી રહ્યા છે એવી સહેજ પણ ભાવના તેમના મનમાં નથી. તેઓ કહે છે કે હું નિજાનંદ માટે આ બધું કરું છું. મને ગમે છે એટલે કરું છું. આ કોઈ મોટી સમાજસેવા છે કે મારી આ પ્રવૃત્તિથી સમાજમાં મોટો ફરક પડવાનો છે એવું હું માનતો નથી. મને જે ગમે છે અને સૂઝે છે તે હું કરું છું.

તેઓ કહે છે કે પુસ્તકોમાં મોટી શક્તિ છે. જો સમાજમાં સત્ત્વશીલ અને સાત્વિક પુસ્તકોનો પ્રસાર વધે તો ચોક્કસ સમાજની મોટાભાગની સમસ્યાઓનો ઉકેલ આવે.

(તેમનો સંપર્ક નંબર ૯૩૭૬૧૩૬૧૨૫ છે.)